જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૧/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૭/૧૮**

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

## ચોરી કરેલ કાસ્ટીંગ બ્રાસના બોક્ષ સાથે ચોરને પકડી ચોરીનો ભેદ ઉકેલતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ જીઆઈડીસી વટવા પો.સ્ટે નાઓના માર્ગદર્શન મુજબ તા:૧૨/૦૧/૨૦૧૮ ના રોજ સર્વેલન્સ પોસઈ વિરેંદ્રસિંહ.એન.વાઘેલા નાઓ સ્ટાફના માણસો સાથે રામોલ ચાર રસ્તા ખાતે વાહનચેકીંગમાં હતા તે વખતે જીઆઈડીસી વટવા ફેઝ-૪ પ્લોટ નં.૫૩૧૭ માં આવેલ ફાલ્કન મશીનરી કારખાનામાંથી કાસ્ટીંગ કરેલા બ્રાસના ગીયર બોક્ષ નંગ ૪ કિંમત રુપિયા ૧૦,૦૦૦/- નાની ચોરી ચોરી કરનાર ઈસમ મહેશ ઉર્ફે ટીકો મંગળભાઈ ભોઈ ઉ.વ ૨૩ રહે- ગામ-રોહીસા-ભાથીજીનું ફળીયુ તા:મહેમદાવાદ જી:ખેડા નાને તા: ૧૨/૦૧/૧૮ ના ક: ૨૧/30 વાગે ચોરી કરેલ ઉપરોક્ત મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે આવી રીતે જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૦૧/૧૮ ધી ઈપીકો કલમ ૩૮૦ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.



<u>અમરાઇવાડી પોલીસ સ્ટેશન :</u>

ઉપરી અધીકારી શ્રી મ.પો.કમિ.શ્રી ડી.એસ.ચૌહાણ સાહેબ તથા પો.ઇન્સ.શ્રી ઓ.એમ.દેસાઈ નાઓની ની સુચના મુજબ તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ સર્વે સ્કોડના પો.સબ.ઈન્સ એમ.એચ તેજોત તથા સ્ટાફના માણસો તથા આઇ ડીવિઝન સ્કોડ ના માણસો સાથે દારૂ જુગારની પ્રવુતી અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાહેબ નાઓ એ આપેલ હકીકત આધારે હાટકેશ્વર ડેપો ની સામે સાઇ બાબા કોમ્પ્લેક્સ ના પાર્કીંગ મા લીફ્ટ ની પાછળ ના ભાગે જાહેર માં (૧) કર્મવીરસિંગ ઉર્ફે ભુરો સ/ઓ નેકરામસિંગ ભદોરીયા ઉ.વ.૨૦ રહે. એફ/૫૦૧ સાશ્વત મહાદેવ પાર્ટ-૧ સુર્યમ ગ્રીનની સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ વતન ગામ પછાઇ તા.બાહ જી.આગ્રા ઉત્તરપ્રદેશ નં.(૨) દિપક ઉર્ફે મુન્નો સ/ઓ રૂપેશભાઇ કોષ્ટી ઉ.વ.૨૩ રહે. સાઇબાબા નગર નયનભાઇ ના મકાનમાં સોળ ઓરડી સામે સતાધારનગર રોડ અમરાઇવાડી અમદાવાદ નાઓ પરપ્રાંતીય ઇંગ્લીશદારૂ ની બોટલ નંગ-૧૩ તથા સેમસંગ કપનીનો મોબાઈલ ફોન તથા અંગ જડતીના નાણા મળી કુલ્લે રૂ.૧૧,૦૦૦/-તથા ચાઈનીસ તુક્કલો નંગ ૧૭૦/- ની કીમત રૂ. ૩૪૦૦/- સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય સદરી આરોપીઓ વીરૂધ્ધમા પ્રોહી.ગુ.ર.નં.,૫૦૦૮/૧૮ થી પ્રોહિ એક્ટ કલમ ૬૬ બી,૬૫(એ)(ઇ),૧૧૬(૧) બી ૮૧ મુજબ તથા સે.ગુ ર.નં ૩૦૦૨/૧૮ ઈ.પી.કો કલમ ૧૮૮,૧૧૪ મુજબના અલગ અલગ ગુનાઓ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



**ધાટલોડીયા પોલીસ સ્ટેશન :**

## વ્હીકલ ચોરી કરતા આરોપી ને પક્ડી પાડતી

## ઘાટલોડીયા પોલીસ

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સા. તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧,અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન અમદાવાદ શહેર તથા ઇ.પો.ઇન્સ શ્રી શ્રી.એચ.ગઢવી ઘાટલોડીય પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ વ્હીકલ ચોરી તથા ઘરફોડ ચોરી ના ગુન્હા બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ તા-૧૨/૧/૧૭ ના રોજ વ્હીકલ ચોરી તથા ઘરફોડ ચોરી સ્કોડ ટીમ ના ઇન્ચાર્જ અ.હે.કો. નિતીનકુમાર શાલીગ્રામ બ.ન.૮૪૬૫ તથા પો.કો.ભાવિકસિંહ નટવરસિંહ બ.ન.૧૮૩૧ તથા પો.કો.નાગભાઇ લાખાભાઇ બ.નં.૧૦૨૪૩ તથા પો.કો.અલ્પેશભાઇ વાઘુભાઇ બ.ન.૧૦૨૨૭ નાઓ ઘાટલોડીયા પો.સ્ટેશન વિસ્તાર મા પેટ્રોલીગમા હતા દરમ્યાન સાથેના પો.કો.ભાવિકસિંહ નટવરસિંહ બ.નં.૧૮૩૧ તથા પો.કો.નાગભાઇ લાખાભાઇ બ.ન.૧૦૨૪૩ નાઓની બાતમી હકીકત આધારે આરોપી (૧) નીલ S/O રાકેશભાઇ રમણલાલ પટેલ ઉ.વ.૨૧ ધધો વેપાર રહે બી/૪૦૧ ઓઝન ફ્લેટ ચેનપુર રોડ ન્યુ રાણીપ અમદાવાદ શહેર મુળગામ આનંતપુરા કુકરવાડા તા-વીજાપુર જી મહેસાણા નાઓને પકડી તેમની પાસેથી સોલા પો.સ્ટેશન વિસ્તારમાથી ચોરી થયેલ સ્પેલન્ડર મો.સા. હીરો કપનીની નં-GJ-01-PA-7531 ની લખેલ છે એન્જીન નં-49591 તથા ચેસીસ.નં-53231 લખેલ વંચાય છે. જેની કી.રૂ.૨૦,૦૦૦/-ગણાય તે સાથે પકડી સોલા પો.સ્ટે ગુ.ન.૩૪૭/૧૭ ઇ.પી.કો. ક્લમ ૩૭૯ મુજબ ગુનો રજી.થયેલ.જે મો.સા. સદરી આરોપી પાસે થી રિકવર કરી સોલા પો.સ્ટે ના ગુનાનો ભેદ ઉકેલાયેલ છે.

**વાસણા પોલીસ સ્ટેશન :**

મે. પોલીસ કમિશ્નર સા. શ્રી તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી, સેકટર-૧ સા.શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર સા.શ્રી, ઝોન-૭ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર સા. શ્રી "એમ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓને સુચના અને માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢી ડીટેકટ કરવાઅ સારૂ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી સા. શ્રી નાઓએ પો.સ્ટે. ના ગુન્હા ડીટેકટ કરાવા જણાવતાં પો.સબ.ઇન્સ. એલ.જે.વાળા તથા પો.કો. મહેન્દ્રસિંહ રણજીતસિંહ બ.ન. ૩૫૦ તથા જીવરાજ ચોકી તથા બીજા પોલીસના માણસો મળી તપાસ કરતાં વાસણા પોલીસ સ્ટેશન ના ફ.ગુ.ર.નં. ૫૭/૧૭ ધી ઇ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબનો ગુન્હો અમદાવાદ શહેર વાસણા એફ/૧૮ બીનોરી કોર્નર, કેમ્બે હોટલની બાજુમાં મનોરંજન ઇલેક્ટ્રોનીકસ નામની દુકાનમાં બનેલ હોય જેમાં આરોપીઓ દુકાનનું શટર તોડી તેમાંથી મોબાઇલ ફોનોની ચોરી કરેલ હોય જેમાં ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન માંથી મો.ફોન નંગ-૧ ચોરીના મુદ્દામાલ સાથે આરોપીઓ નં. (૧) જીતુ ગણેશભાઇ પરમાર (મારવાડી) ઉ.વ. ૨૬ રહે.- બ્રહ્મચારી વાડી પાસેના છાપરામાં, હેલ્મેટ સર્કલ પાસે, અમદાવાદ શહેર તથા આરોપી નં. (૨) અજય ઉર્ફે લલ્લુ જીવણભાઇ જાતે- પટ્ટણી ઉ.વ. ૨૦ રહે.- સી.એન.જી. પંપ પાસેના છાપરામાં, હેલ્મેટ સર્કલ પાસે, અમદાવાદ શહેર નાઓને આજ રોજ તા.૧૨/૦૧/૨૦૧૮ ના કલાક ૧૮/૩૦ વાગ્યે પકડી અટક કરવામાં આવેલ છે. અને સ્થાનીક પોલીસ દ્વારા વાસણા પોલીસ સ્ટેશનની ઘરફોડ ડીટેકટ કરવામાં આવેલ છે. તા.૧૨/૦૧/૨૦૧૮

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**